


મૂરખલાલ

નાના મોટા દરેકને ખડખડાટ હસાવતા મૂરખરાજ.

મૂરખલાલ

: લેખક :

શ્રી. રમણલાલ પી. સોની

કિંમત આઠ આના

એન. એમ. ઠક્કરની કંપની
બુકસેલર્સ : પબ્લિશર્સ
૧૪૦ પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઇ-૨

પ્રકાશક :
નંદલાલ મોહનલાલ ઠક્કર
એન. એમ. ઠક્કરની કું.
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ-૨

પ્રથમ આવૃત્તિ
૧૯૫૦

મુદ્રક :
મણિલાલ પ્રભાશંકર વ્યાસ
શ્રી લક્ષ્મી ઇલેક્ટ્રીક પ્રિં. પ્રેસ,
મોદીખાના રોડ, વડોદરા.
૧૯૫૦

મુરબ્બી શ્રી મૂરખલાલ !

અહીં આપની જીવનકથાનાં થોડાં પાનાં, આપની રજાથી, રજૂ કરું છું.

આપે હમેશાં સૌને આનંદ આપ્યો છે, જાતે ઘસાઇને, જાતે દુઃખ કષ્ટ વેઠીને, માર ખમીને અને માર કરતાંયે વધારે ભયાનક એવાં શબ્દવેણ સહીને! આપની એ ભવ્ય જીવનલીલાનાં આ થોડાં પાનાં પણ જરૂર સૌને આનંદ આપશે.

આપે કદી પ્રશંસાની, બદલાની, કે કદરની આશા રાખી નથી. આપે માત્ર યથાશકિત, યથામતિ સેવા કરી છે. આપે કદી કોઇનું પડાવી લેવા, કોઈનું બુરું કરવા, કોઇને નીચું જોવડાવવા કે રજાડવા કોશીશ કરી નથી. આપે માત્ર તટસ્થ ભાવે, ભલા ભાવે આપનું કામ કર્યું છે.

આપ કોઇ એક દેશના નથી, એક કાળના નથી. અમે જ્યાં નજર કરીએ ત્યાં આપની હાજરી દેખાય છે, અને આપના રૂડા કામનો મહિમા સંભળાય છે. આપ અમારાં ઘરમાં છો, મનમાં છે ને હૃદયમાં છો. પૃથ્વી પર પહેલો મનુષ્ય જન્મ્યો ત્યારે પણ આપ હતા, ને છેલ્લો મનુષ્ય મરશે ત્યારે પણ આપ હશો. આપ સર્વત્ર છો, સર્વ કાલમાં છો. આપ અમર છો.

આપનો જય હો!

મૂરખલાલ કમાવા જાય છે.

મૂરખલાલે નક્કી કર્યું કે હવે આ ગામમાં આપણી કદર કરે એવું કોઈ રહયું નથી. તેથી પરદેશમાં નોકરી કરવા જવાનો તેણે સંકલ્પ કર્યો.

બીજે દીવસે સવારે એ ખભે ખડિયો નાખી, હાથમાં દોરી લોટો લઈને ચાલી નીકળ્યો. ખડિયામાં ભાથું હતું, ને દશ રૂપીયા રોકડા હતા.

રસ્તે જતાં એને એક માણસનો સાથ થઈ ગયો. એ પેલો ઉસ્તાદ હતો.

મૂરખને જોઇ એણે પૂછ્યું : 'મહારાજ, કયાં જવુ છે ?'


મૂરખે કહ્યું: 'કમાવા ! તમારે ?'

ઉસ્તાદે કહ્યું :'મારે પણ કમાવા ! સારૂં થયું તમારો સાથ થયો ! એક કરતાં બે ભલા !'

બંને જણ સાથે સાથે ચાલવા લાગ્યા નામઠામની પૂછપરછ વગેરે થઈ ગયા પછી ઉસ્તાદે કહ્યું: 'મૂરખલાલ તમે બ્રાહ્મણ છો, શાસ્ત્ર ભણેલા છો, એટલે તમને ખબર હશે કે સજજનનો સાથ સાત ડગલામાં ફળે એવું શાસ્ત્રમાં કહેલું છે. જુઓ. હું તમારી સાથે સાત

ડગલાં પુરાં કરી આ આઠમું ડગલુ ભરું છું. એટલામાં તો મને તમારા ખડિયામાંથી ભાથાની સુગંધ આવવા માંડી !'

મૂરખે ખુશ થઇ કહ્યુંઃ 'તો ચાલો પેલા વાંધા પર બેસીને ભાથું છોડીએ !'



બંને જણ વાંધાના કાંઠા પર જઇને બેઠા.

મૂરખ ખડિયામાંથી ભાથું કાઢતો હતો એ જોઇ ઉસ્તાદે કહ્યુંઃ 'જો, ભાઇ ! આપણે એક નિયમ કરીએ !'

મૂરખ કહે-'કેવો નિયમ ?

ઉસ્તાદ કહે-'નિયમ એવો કે આપણે વારાફરતી એક બીજાની મૂડી વાપરવી પહેલાં તારું ભાથુ ને તારી

મુડી ખલાસ કરીએ, પછી મારું ભાથું ને મારી મુડી. એ ખટી જશે એટલામાં તો આપણે કમાતા થઇ ગયા હઇશું.

મૂરખને આ વાત ગમી.

આવી રીતે મૂરખનું ભાથું ને મૂરખના પૈસા વાપરતા વાપરતા બંને જણા આગળ વધતા હતા. એમ કરતાં મૂરખના બધા પૈસા વપરાઇ ગયા.

મૂરખે કહ્યું: 'મારા પૈસા ખલાસ! હવે કાલે તમારા.'

ઉસ્તાદે કહ્યું: 'એમાં શો શક? નિયમ એટલે નિયમ!'

પણ ઉસ્તાદની પાસે પૈસા હતાજ કયાં? સવાર થતાં એ રોતો રોતો મૂરખની પાસે આવ્યો.

મૂરખે કહ્યું: 'કેમ ભાઇ, કેમ રડે છે?'

ઉસ્તાદ કહે—'ગજબ થઇ ગયો! ગજબ થઇ ગયો!'

મૂરખે એને શાન્ત પાડી કહ્યું: 'એવું શું થયું તે?'

ઉસ્તાદે ઉદાસ બની કહ્યું: 'અરે યાર! મારા ઓસીકા નીચે આ થેલીમાં હું પચાસ રૂપિયા રાખીને સુઇ ગયો હતો — કયારે સવાર થાય, ને કયારે મારી મૂડીમાંથી તને તાગડધિન્ના કરાવુંએવું મને થયું

હતું. પણ સવારે નાહીને જોઉં છું તો કોઇ થેલી કાણી કરીને એમાંથી બધાય રૂપિયા કાઢી ગયું છે. લે જો આ થેલી ! અરેરે ! હવે આપણી 'ભાઈબંધી કેમ ચાલશે ?'

મૂરખને આ સાંભળી બહુ દુઃખ થયું. તેણે થેલી હાથમાં લીધી, સાચેસાચ એ ખાલી હતી. અને વળી કાણી પણ હતી ! ચોરી થયા વીષે હવે કોઇ શંકા રહી નહી.

પણ પોતાના મિત્રને દુઃખી થતો જોઈ એને બહુ દુઃખ થયું. એ બોલ્યોઃ 'આપણે ભાઈબંધી બાંધી છે તે તોડી નાખવા માટે નથી બાંધી. સુખમાં આપણે ભેળા બેસીને ખાધું; હવે દુઃખમાં પણ આપણે સાથેજ રહીશું !'

ઉસ્તાદે કહ્યું : 'એ તો ઠીક, પણ પૈસા ?'

મૂરખે કહ્યુંઃ 'જો બે ટાંટીયા આખા છે, બે બાવડાં આખાં છે, બરડો આખો છે, ને માથું આખું છે-પછી ચિંતા શાની ?'

ઉસ્તાદે કહ્યું : 'વાત તો સાચી કહી, દોસ્ત ! પણ તને કયું કામ આવડે છે એ કહે, તને ખેતર ખેડતાં,

અનાજ વાવતાં, કાપણી કરતાં, કે ખળું ભરતાં આવડે છે ?'

મૂરખે કહ્યું : 'વાહ ! તું યે કેવો છે ? એ કામ કંઈ મારૂં છે ?'

ઉસ્તાદે કહ્યુંઃ 'વાત તો ખરી. એ કામ તારૂંયે નથી ને મારૂં યે નથી. તો તને સુથારીકામ, લુહારીકામ, ખરાદીકામ, કડિયાકામ, કે મોચીકામ–કયું કામ આવડે છે ?'

મૂરખે કહ્યુંઃ 'અરે યાર ! આવું શું પૂછે છે ? લાકડાં છોલવાં, ચામડાં ચીરવાં, કે ભીંતો ધોળવી, એ કંઈ કામ કહેવાય ? એ કંઈ મારૂં કામ છે ?'

ઉસ્તાદે કહ્યું : 'વાત તો સાચી, એ કામ તારૂં યે નથી ને મારું યે નથી ! તો દોસ્ત, તને ચીતરતાં, ગાતાં, કે વાચતાં આવડે છે ?'

મૂરખે કાનમાં આંગળી ઘાલી કહ્યું : 'અરેરે ! દોસ્તાર થઈને આવુ શું પુછે છે ? મારી જનોઈ સામું તો જો ! હું બ્રાહ્મણનો દીકરો છું. એ કામ કંઈ મારૂં છે ?'

ઉસ્તાદે કંઈ યાદ આવ્યું હોય એમ કહ્યું : 'અરે હા ! એ તો હું ભૂલી ગયો ? તને છોકરાં પરણાવતાં આવડે છે ?'

મૂરખે ખુશ થઇ કહ્યું: 'કહે તો હમણાં તને પરણાવી દઉં!'

ઉસ્તાદે કહ્યું: 'પણ કન્યા ક્યાં છે? કન્યાના બાપ ક્યાં છે? જાનૈયા ક્યાં છે? વિવાહનો માંડવો ક્યાં છે?'

મૂરખે એના ખભા ઉપર હાથ મૂકી કહ્યું: 'દોસ્ત મારા બાપ કહેતા હતા કે, કન્યા ક્યાં છે એ જોવાનું કામ વરનું છે, પણ કોથળીમાં ટકા છે કે નહી તે જોવાનું કામ ગોરનું છે! વરને માંયરામાં ઊંચકીને મૂકયો એટલે કન્યાની મા કન્યાને ખોળામાં લઇ સામે આવીને બેસે જ છે!'

ઉસ્તાદે કહ્યું:' ત્યારે તો એક આ કામ તને આવડે છે.–બામણના દીકરાને બીજું આવડે પણ શું?'

'બીજું આવડે છે– પુણ્ય પરવણી! પાકું સીધું મળે તો લાડુ ચકાચક! પણ દોસ્ત, હવે વખત ખરાબ આવી ગયો છે. શું થાય? હવે તને શું આવડે છે. એ કહે!'

ઉસ્તાદે કહ્યું: 'મને જે આવડે છે એ ખરેખર આવડે છે, અને જે નથી આવડતું તે નથી જ આવડતું! આથી મેં એક નિયમ કર્યો છે—

મૂરખે કહ્યું: 'શો નિયમ?'

ઉસ્તાદે કહ્યું : 'કે આપણે જાતે કદી કામ શોધવા જવું નહિ, કામને ગરજ હોય તો આપણને શોધતું આવે !–જેમ ભુખ અને ઊંઘ આપાણુને શોધતાં આવે છે તેમ !'

મૂરખે કહ્યું : 'સરસ !'

બંને દોસ્તો વાતો કરતા કરતા આગળ વધતા હતા. તેઓ એક ટેકરીની તળેટીમાં આવી પહોંચ્યા. જુએ છે તો ત્યાં એક શેઠની ગાડી ભાંગી પડેલી હતી.

મૂરખલાલ પેટી ઊંચકે છે

ટેકરીની પાછળ ગામ હતું. શેઠને ત્યાં જવાનું હતું. મૂરખ અને ઉસ્તાદને જોઇ શેઠે કહ્યું : 'મારી આટલી પેટી ઊંચકી લો તો બે રૂપિયા મજૂરીના આપું!'

એ સાંભળી ઉસ્તાદે મૂરખને કહ્યું : 'બિરાદર મૂરખ! હું ખોટું કહેતો હતો ? કામ આપણને શોધતું આવ્યું કે નહિ ? પણ દોસ્ત, પેટી એક છે, અને આપણે બે છીએ માટે આપણે વારા કરીએ!'

મૂરખે કહ્યું : 'ભલે, એમ!'

ઉસ્તાદે કહ્યું : 'પહેલાં તું ઉંચકી લે–હું તને રસ્તો બતાવતો આગળ ચાલું છું. આપણે સીધા ટેકરી ચડી જઇએ. તો જલદી ગામમાં પહોંચાશે, ખરું કે નહિ ?'

મૂરખે કહ્યું : 'વાત તો ખરી!'

મૂરખે પેટી માથે મુકી ટેકરી પર ચડવા માંડયું. ઉસ્તાદ આ તરફ! આ તરફ કરતો ખાલી હાથે આગળ ચાલ્યો.

એમ કરતાં બંને ટેકરી ચડી રહ્યા. હવે ઉતરવાનો વખત આવ્યો. એટલે ઉસ્તાદ કહે–'બિરાદર મૂરખ! હવે આપણે વારો બદલીએ. હું આગળ હતો તે પાછળ થાઉં, અને તું પાછળ હતો તે આગળ થા! ખરું કે નહિ?'

મૂરખે કહ્યું વાત તો ખરી!

માથા પર પેટી લઈ મૂરખ આગળ થયો. એની પાછળ ઉસ્તાદ ખાલી હાથે લ્હેરથી ચાલવા લાગ્યો. મૂરખ મનમાં નવાઈ પામી વિચાર કરતો હતો કે વારા બદલ્યા છતાં હજી મને માથા પર ભાર કેમ લાગે છે?

છેક શેઠના ઘર સુધી મૂરખે જ પેટી ઉંચકી મજૂરીના બે રૂપિયા મળ્યા તેમાંથી ચાલ્યું ત્યાંસુધી બંને જણા ગામની ધર્મશાળામાં ખાઈપીને પડી રહ્યા. પછી ઉધાર લાવીને ખાવાનો થોડા દિવસ અખતરો કરી જોયો, પણ એમાં કંઈ કસ દેખાયો નહિ. એટલે વળી બંને જણ આગળ ચાલ્યા.


મૂરખલાલ પથરા ફોડે છે

રસ્તે જતાં એમણે એક માણુસને રસ્તામાં પથરા ભાંગતો જોયો. એ માણુસે કહ્યું : 'જો મને આટલા પથરા ભાંગી આપો તો આ દૂધપાકનો લોટો હું તમને આપું !'

બંને દોસ્તોને આ વાત ગમી.

ઉસ્તાદે કહ્યું : 'બિરાદર મૂરખ, કામ તો મળ્યું, પણ હથોડી એક જ છે. તેથી આપણે પથરા ફોડવાના વારા કરીએ. પહેલાં તું ફોડ, પછી હું ફોડું એમ કરીને આપણે કામ પુરૂં કરી નાખીશું !'

ખુશ થઇ મૂરખ પથરા ફોડવા લાગ્યો. ઉસ્તાદ ઝાડ હેઠળ લાંબો થઇને સૂઇ ગયો.



ત્રીજા ભાગના પથરા ફોડ્યા હશે એટલામાં ઉસ્તાદ જાગ્યો. તેણે કહ્યું : 'લાવ હવે મારો વારો! એટલી વાર તું ઉંઘ!'

આમ કહી ઉસ્તાદે બીજા ત્રીજા ભાગના પથરા ફોડયા. હવે એક ત્રીજા ભાગનું કામ બાકી રહ્યું. ઉસ્તાદે કહ્યું : 'મૂરખ, હવે તારો વારો!'

મૂરખના આ વારામાં પથરા બધા ફોડાઇ ગયા. મૂરખે બે ભાગનું કામ કર્યું, ને ઉસ્તાદે એક ભાગનું કામ કર્યું!

મૂરખલાલ દુધપાક પીએ છે.

કામ પુરૂં થયું જોઈ માણસે ખુશ થઇ દૂધપાકનો લોટો આપીને કહ્યું : 'દુધ પીને લોટો પેલી ઝુંપડીમાં મુકી દેજો! હું જરા આઘો પાછો થાઉં છું.'

લોટો હાથમાં લઈ, ઉસ્તાદે કહ્યું : 'બિરાદર મૂરખ! તારો વારો હમણાં પુરો થયો, એટલે હવે મારો વારો આવ્યો. હું દશ ઘુંટડા દુધ પીઉં, પછી તું દશ ઘુંટડા પી– એટલે આપણે વારાફરતી કામ પતાવીએ!'

મૂરખે કહ્યું : 'ભલે!'

ઉસ્તાદે દશ ઘુંટડામાં બરાબર ત્રીજા ભાગનો દુધપાક પેટમાં ઉતારી દીધો. પછી તેણે લોટો મૂરખના હાથમાં મુકયો. મૂરખે દશ ઘુંટડામાં જેમ તેમ કરી બીજા ત્રીજા ભાગનો દુધપાક પીધો. પછી ઉસ્તાદે કહ્યું : 'હવે મારો વારો!' આ વખતે દશ ઘુંટડામાં એણે લોટો સાવ ખાલી કરીને મુકયો!'

આમ બે ભાગનો દુધપાક ઉસ્તાદ પી ગયો, પછી કહે : 'બિરાદર મૂરખ! વારા કરવાથી કામ કેવું સરળ અને સહેલું થઇ જાય છે.'

મૂરખ કહે: 'વાત તો સાચી !'

પછી તેઓ આગળ ચાલ્યા. પણ ઉસ્તાદે લોટો ઝુંપડીમાં મુકવાને બદલે સાથે લઈ લીધો અને મૂરખે કહ્યું: 'કેમ આમ ?'

ઉસ્તાદ કહે—'ઝુંપડી સૂની છે. વગડા વચ્ચે સૂની ઝુંપડીમાં આવો કીમતી લોટો મુકીને જઈએ તો કોઈ ઉઠાવી ગયા વગર રહે ખરું ? તે કરતાં લોટો આપણી પાસે રહે તો શું ખોટું ?'

'પણ આ સારું કહેવાય ?'

ઉસ્તાદે કહ્યું: 'તારો જીવ કચવાતો હોય તો, લે આ લોટો હું જ રાખી લઉં છું.'

મૂરખલાલ ખેતરની ચોકી કરે છે

રસ્તે જતાં એક ખેતર આવ્યું. સાંજ પડવા આવી હતી. તેથી બંનેએ ત્યાં રાતવાસો રહેવાનો વિચાર કર્યો.

ખેડૂત કહે—'રાતવાસો રહેવા દઉં. અને દિવસે ય રહેવા દઉં. ઉપરથી બે ટંકનું ખાવાનું આપું પણ મારું કામ કરો તો!'

બંને જણે કબૂલ કર્યું:

ખેડૂતે તેમને રાતે ખેતરની રખવાળી કરવાનું કામ સોંપ્યું.

ઉસ્તાદ કહે—'કામ કંઈ અઘરું નથી. પણ બિરાદર મૂરખ! આપણે આપણા નિયમ મુજબ એ વહેંચીને કરીએ તો ઠીક, જો હું ખેતરની બહાર ચોકી કરતો ફરું છું, જે વનવાગળાં કે જનાવરને ખેતરમાં પેસતાં રોકું છું. છતાં ભૂલેચૂકે કોઇ ખેતરમાં ઘુસી જાય તો તું અંદર રહી એને હાંકી કાઢજે!'

કેવુ

મૂરખે કહ્યું : 'ભલે, દોસ્ત !'

ઉસ્તાદ તો સરસ જગા ખોળી ગોદડી નાખી નિરાંતે આડો થઈ ગયો. આખી રાત મૂરખે ખેતરમાં હાકોટા ને છાકોટા કર્યા—બૂમો પાડી એનું ગળું રહી ગયું. દોડી દોડીને એના ટાંટિયા થાકી ગયા, ને લાકડીઓ ઉગામી ઉગામીને એનાં બાવડાં રહી ગયા !

મૂરખલાલ ઘેટાં ચારે છે !

બીજે દિવસે ખેડૂતે તેમને ઘેટાં ચારવાનું કામ સોંપ્યું.

ઉસ્તાદ કહે; 'ખેતર સાચવવા કરતાં આ ઘેટાં સાચવવાનું કામ વધારે સારું !'

બંને જણા ઘેટાં ચરાવવા ગયા. સાંજ પડતામાં તો ઘેટાં ક્યાંના ક્યાં પહોંચી ગયાં.


આ બધાં ઘેટાંને ભેગાં કરવાં કેવી રીતે ?

ઉસ્તાદે કહ્યું : 'બિરાદર મૂરખ ! આપણે કામ વહેંચી લઇએ. હું આમ જાઉં, ને તું આમ જા ! ચારે બાજુથી ઘેટાંને તગડી લાવી બંને જણ પાછા અહીંજ—આ જગાએ ભેગા થવું !'

મૂરખે કહ્યું : 'વાત સાચી !'

બંને જણ ઘેટાં ખોળવા નીકળ્યા. પણ ઉસ્તાદ ચાર ડગલાં જઇને પાછો ફર્યો, ને નિરાંતે ઝાડ નીચે લાંબો થઇને સૂઇ ગયો. મૂરખ કલાકો સૂધી ખીણોમાં ને ટેકરીઓ પર ટાંટિયાતોડ કરીને ઘેટાંને પાછો વાળી લાવ્યો.

એને આવતો જોઈ ઉસ્તાદ એના સામો જોઈ બોલ્યો : 'કામ જરા અઘરું ખરું, પણ કેવું ઘડીકમાં થઈ ગયું ! ખરેખર દોસ્ત ! આપણે અહીંજ મળવાનું કહ્યું હતું ને !'



મૂરખલાલ ભીખ માગવા જાય છે.

ફરતા ફરતા બંને જણ પછી કોઈ શહેરમાં આવી પહોંચ્યા, અહીં ઉસ્તાદે કહ્યું : 'બિરાદર મૂરખ શહેરમાં સહેલો ને કમાણીદાર રસ્તો ભીખ માગવાનો છે કે ભાષણ કરવાનો છે. ભાષણ કરતાં તને આવડશે ?'

મરખે મોં બગાડી કહ્યું : 'ભાષણમાં ન સમજાય એવું બધું બોલવું પડે છે. એ કંઈ મારૂં કામ છે ?'


ઉસ્તાદે કહ્યું : 'તારૂંયે નથી અને મારૂંયે નથી ! તો આપણે ભીખ માગવાનું કરીએ. પગે ચાલતાં આવડે, ને હાથ લાંબો કરતાં આવડે એટલે બસ ! નહિ કોઈની બીક કે નહિ કોઈની સાડાબારી ! અરે આ ધંધોતો એવો ધીકતો છે કે ભિખારીઓ ગોદડીમાં સોનામહોરો લઈને ફરે છે !'

નક્કી કર્યા પ્રમાણે બન્ને જણ ભીખ માગવા નીકળી પડયા, સાંજ પડે રમૂખ પોતાના મૂકામે આવ્યો ત્યારે તેણે ઉસ્તાદને નિરાંતે ઊંઘતો જોયો. તેને નવાઇ લાગી.

ઉસ્તાદે કહ્યું : 'શું મળ્યું તને ?'

મૂરખે કહ્યું : 'આખો દિવસ રખડ રખડ કર્યું ત્યારે આ ચાર પૈસા મળ્યા !'

ઉસ્તાદે કહ્યું : 'ધિક્કાર છે તને ! પહેલે દિવસે ચાર પૈસા ? અને ભીખ જેવા ધરખમ ધંધામાં ? **અહીં જો મને તો બે સોનાની બંગડીઓ મળી !'**



મૂરખે નવાઈ પામી કહ્યું : 'હેં ! બંગડીઓ ? કોણે આપી ?'

ઉસ્તાદે કહ્યુંઃ 'કોણે આપી શું. રતનપોળનાં છોકરાં ભીખારીઓને દાનમાં આવી બંગડીઓ આપે છે. પણ જરા ભીખ માગતાં આવડવું જોઈએ !'

મૂરખે કહ્યું : 'તો હું કાલે રતનપોળમાં જઈશ.'

ઉસ્તાદે કહ્યું : 'પણ એમાં એક સિદ્ધાંત યાદ રાખવાનો છે. છોકરાંને ગુપ્ત દાન ગમે છે. છોકરાંને પોતાને પણ ખબર ન પડે તેવી રીતે તેમના અંગ પરથી વીંટી કે બંગડી કે કંઠી આપણે કહાડી લેવી જોઇએ. પણ જો દાનની વાત બહાર પડી જાય તો આપણે ત્યાંથી છટકી જવું જોઈએ ! નહિ તો બહુ કડવો અનુભવ થવાનો સંભવ છે !'

બીજી સવારે મૂરખ રતનપોળમાં ગયો, કેટલાંક છોકરાં રમતાં હતાં, તેમની પાસે જઈ તેણે હાથ લાંબો કર્યો.

એક છોકરીએ ફરાકના ગજવામાંથી ચણા કાઢીને આપ્યા પણ મૂરખ કહે-'આવું નહિ, આવું આપો !'

આમ કહી એણે છોકરીની પહેરેલી બંગડી માગી.

આગલે દિવસે એક છોકરીની સોનાની બંગડીઓ કોઇ કહાડી ગયેલો તેની બધાં છોકરાંને ખબર હતી, તેથી છોકરાંએ બુમાબુમ કરી મુકી : 'મા ! મા ! ઓલ્યો બંગડી લઈ જનારો આવ્યો છે ! ચોર! ચોર!'

બુમ પડતાં મૂરખ ભાગ્યો, ને સીધો ઘર ભેગો થઇ ગયો.

આજે એને ભીખમાં એક પાઈ પણ મળી ન હતી. એને ખાલી હાથે આવેલો જોઇ ઉસ્તાદને હસવું આવ્યું. તેણે એક હીરાની વીંટી દેખાડીને કહ્યું 'દેખ, આજે મને ઝવેરીની દુકાનમાંથી આ વીંટી મળી! તું કામ કરે તો તને મળે! પણ તું કામ ધંધો કરતો નથી, એટલે કશું કમાતો નથી–તો પણ ઠીક છે. તું મારો બિરાદર છે એટલે હું તને કાઢી નહિ મુકું!'

બીજે દિવસે મૂરખ ઝવેરીની દુકાને જઇ હાથ લાંબો કરી ઊભો. ઝવેરીએ એક પૈસો આપ્યો ત્યારે કહે, 'આવું નહિ, આવું આપો!'

આમ કહી એણે ઝવેરીના હાથમાંની વીંટી બતાવી. આગલે દિવસે કોઈ ઉઠાવગીર વીંટી ચોરી ગયો હતો, તેથી ઝવેરીએ તરત મૂરખને પકડી થાણામાં સોંપી દીધો.

જમાદારે બીજી કંઇપણ વાત કરતા પહેલાં સડસડ કરતી બે સોટીઓ મૂરખના બરડા પર ચોડી દીધી.

મૂરખને નવાઇ લાગી કે ઝવેરીની વીંટીને અને આ જમાદારની સોટીને શી સગાઇ હશે ?

પછી જમાદારે સવાલ કર્યો 'કાલે તું હીરાની વીંટી ઉઠાવી ગયેલો તે કયાં છે ?'


મૂરખે કહ્યું : 'હું નથી ઉઠાવી ગયો, પણ એક બીજા માણસની પાસે મેં વીંટી જોઇ છે. એ કહેતો હતો કે ઝવેરીની દુકાને ભીખમાં આવી હીરાની વીંટીઓ મળે છે. તેથી હું લેવા ગયો હતો ત્યાં તમે મળ્યા !'

આમ કહી એણે સોનાની બંગડીઓની વાત પણ જમાદારને કહી દીધી.

જમાદાર મૂરખને સાથે લઇ એના મુકામે ગયા. મૂરખ પહેલાં ઘરમાં પેઠો. એને જોતાંજ ઉસ્તાદે કહ્યું : 'દેખ, મને તો એક બુઢ્ઢા પારસી ચાચાએ [illegible] રૂપિયા સાથેનું આખું પાકીટજ દાનમાં આપી દીધું ! પારસીઓને જેવું દાન કરતાં આવડે છે તેવું બીજા કોઇને નથી આવડતું. હું તને મારી સાથે રાખવાનો નથી. ચાલ નીકળ અહીંથી.'

એમ કહી ઉસ્તાદે મૂરખને ધક્કો માર્યો, એટલામાં તો ધડાક કરતી પોલીસ દોડી આવી !

જમાદારે મુદ્દામાલ સાથે ઉસ્તાદને પકડી લીધો.



ઉસ્તાદ જેલમાં ગયો, મૂરખ માંડ માંડ જતો રહી ગયો.

પછી એ કોઇ શેઠિયાને ત્યાં ગુમાસ્તો રહયો.

: ૧ :


મૂરખલાલને કોઈ બચકું ભરે છે.

એકવાર ગામમાં સન્યાસી મહારાજ પધાર્યા હતા. દરરોજ સાંજે તેમની કથા થતી. મૂરખલાલ કોઇ કોઇ વખત મહારાજની કથા સાંભળવા જતા.

એક દિવસ મહારાજે કથામાં કહ્યું : 'આ કાયા કાચના કુપા જેવી છે. કઇ ઘડીયે કુપો ભાંગી જશે. એ કહેવાય નહિ. માણસ આજ છે ને કાલ નથી, કાલ છે ને આજ નથી.'

મૂરખના ગળે આ વાત બરાબર ઉતરી ગઇ. તે વિચાર કરવા લાગ્યો કે હું આજ છું ને કાલ નથી, કાલ છું ને આજ નથી.

વિચાર કરતાં કરતાં શંકા પડી કે ખરેખર હું છું કે નહિ તેની ખાતરી કરી જોવા તેણે પોતાના હાથે જોરથી બચકું ભર્યું ! ને તરત બુમ પાડી ઉઠયો; 'ઓ મા ! મને કોઇએ બચકું ભર્યું.'



પાસે બેઠેલા માણસો આ સાંભળી ચમકી પડયા. તેમણે પૂછયું : 'કોણે બચકું ભર્યું ?'

મૂરખે હાથ દેખાડી કહ્યું : 'આ જુઓને !'

લોકોને નવાઈ લાગી કે આટલામાં કોઈ છોકરું નથી, ને કૂતરુ નથી, તો આને આમ બચકું કોણે ભર્યું ! મૂરખે કહ્યું : 'હું પણ એજ વિચાર કરૂં છું કે મને બચકું કોણે ભર્યું !'

સભા પૂરી થઈ, મૂરખ જવા નીકળ્યો. વળી રસ્તામાં એને કાયાના વિચારો આવવા માંડયા. વળી તે મનમાં બોલ્યો : 'હું આજ છું ને કાલ નથી, કાલ છું ને આજ નથી.'

તેણે મનમાં ઠરાવ કર્યો કે આ અગત્યના સમાચાર ઘેર મારી માને પહોંચાડવા જોઇએ. આજકાલ કરતાં સાત વરસ ઘર છોડે થયાં હતાં, માના કોઇ ખબરઅંતર કાઢ્યા નહોતા.

મૂરખલાલ માને કાગળ લખે છે.

તરત ને તરત ફળિયામાંથી એક છોકરાને બોલાવી સીસાપેન ને કાગળ તેની સામે મૂકી એણે કહ્યું: ' મારી બાને કાગળ લખ ! '

છોકરાએ સીસાપેન હાથમાં લીધી; મૂરખે કાગળ લખાવવા માંડયો—

મારી માને માલમ થાય કે હું અહીંયાં છું. ને તું ત્યાં છે. હું રોજ બે ટંક ખાઉં છું ને બાર કલાક ઊંઘું છું, તું કેટલા ટંક ખાય છે ને કેટલા કલાક ઊંઘે છે તે લખજે. બીજું કાશીથી અહીં એક મોટા મહાત્મા આવ્યા છે. આજે એ કહેતા હતા કે હું આજ છું ને કાલ નથી, કાલ છું ને આજ નથી. એટલે મારી માને માલમ થાય કે હું આજ છું ને કાલ નથી કાલ છું ને આજ નથી. માટે મારી માને માલમ થાય કે આ કાગળ તારા હાથમાં આવે તે પહેલાં તું મરી જવાની ને તારો કાગળ મારા હાથમાં આવે એ પહેલાં હું મરી જવાનો એ વાત નક્કી છે. કારણ કે હું કાલ છું ને આજ નથી. બીજું તું મરી જાય તો તારી કે મારી કોઇની ચિંતા કરતી નહિ, હું મરી જાઉં તો મારી કે તારી કોઇની ચિંતા નહિ કરૂં.

બીજું અહીંના નવાજુની સમાચારમાં લખવાનું કે આજે હું કથામાં બેઠો હતો તે વારે મને કોઈ હાથે બચકું ભરી ગયું છે. પણ એ છોકરું હતું કે કુતરું હતું તેની કોઈને ખબર પડી નથી. બીજું ત્યાંની નવાજુનીના સમાચાર લખજે. બીજું આપણા નવસો નવ્વાણું પાછા આવ્યા કે નહિ તે જોજે. એતું ખાલી માટલું પાછું ખાલી વાડામાં હેઠે દાટીને હું અહીં આવ્યો છું. બીજું મગલાશા શેઠને અને મારા વહાલા હીરાને કહેજે કે હું આજ છું ને કાલ નથી, કાલ છું ને આજ નથી. માટે ધંધો જોઈ વિચારી કરજો, બીજું કાગળ પૂરો થઈ ગયો છે તે જાણજે.

બીજે દિવસે કાગળ ટપાલમાં પડ્યો, ને વખતસર મૂરખની માના હાથમાં પહોંચી ગયો. સાત વરસે દીકરાનો કાગળ જોઈ માની આંખોમાંથી આંસુની ધાર વહેવા માંડી. પોતે કશું ભણી ન્હોતી એટલે એક અક્ષર વાંચી શકી નહિ, પણ કાગળને છાતીએ વળગાડી એ બહુ વાર સુધી પડી રહી. પછી આંખો લૂછી નાખી. કાગળ સોડમાં સંતાડી એ મગલાશા શેઠને ઘેર ગઈ.

કાગળ વાંચી શેઠની આંખો પણ ભીની થઈ.

મૂરખલાલની મૂરખામીએ તેમનું ઘણું નુકશાન કર્યું હતું તોયે એમને એ છોકરા ઉપર માયા થતી હતી.

કાગળ વાંચી સંભળાવી, ગળું સાફ કરી, તેમણે મૂરખની માને કહ્યું : 'શું જવાબ લખવો છે આનો ?'

મૂરખની માની આંખોમાંથી દડદડ આંસુ પડવા માંડયાં.

શેઠે પોતે જ પોતાના સવાલનો જવાબ દીધો : 'લખું છું કે દેશાવર બહુ વેઠ્યો, હવે ઘેર આવ !'

મૂરખની મા કંઈ બોલી નહિ. તે શેઠની સામે જોઈ રહી, 'શેઠે કહ્યું : ઘેર આવીને શું કરશે ને શું ખાશે એની ચિંતા ન કરશો ઘરમાં મારે એક હીરો છે એવા બે સમજીશ. બિચારો ભોળીયો જીવ છે !' બોલતાં બોલતાં શેઠ ગળગળા થઈ ગયા.

મૂરખની માએ દૂર બેઠાં બેઠાં નીચા નમી શેઠના પગમાં માથું નમાવ્યું. એ જોઈ શેઠ બોલી ઉઠ્યા : 'એ શું કરો છો ? મારું પુણ્ય ધોઇ નાંખવું છે ? મારો બ્રાહ્મણનો અવતાર છે, તમે પૂજ્ય છો, તમારી આ જનમે કાંઈ સેવા કરીશ તો મારો કોઠો સુધરશે !'

મૂરખલાલ માનો કાગળ વાંચે છે.

સાત વરસે મૂરખની માનો કાગળ આવ્યો. મૂરખ રાજીરાજી થઈ ગયો. તરત પેલા છોકરાને બોલાવી એણે કહ્યું : 'એ....ઈ! મારી મા મને કાગળ લખે છે. તારી મા તને લખે છે?'

છોકરાએ કહ્યું : 'મારી મા તો મારી સાથે જ રહે છે. એ શું કરવા કાગળ લખે?'

મૂરખે કહ્યું : 'બસ, એટલામાં હારી ગયોને?'

સાંજે ફરી મૂરખે છોકરાને બોલાવીને કહ્યું : 'એ....ઇ! મારી માનો કાગળ આવ્યો છે. તારી માનો કાગળ આવ્યો છે!'

છોકરાએ કહ્યું : 'આવ્યો જ છે તો!'

મૂરખે કહ્યું : 'મારી મા મને કેવો કાગળ લખે છે! તારી મા કંઇ લખે છે તને?'

છોકરાએ ફરી એનો એ જવાબ દીધો : 'મારી મા શું કરવા લખે?'

હરખમાંને હરખમાં મૂરખને રાતે ઊંઘ પણ આવી નહિ. અડધી રાતે એ જાગી ગયો. તે બોલ્યો :

'મારી માનો કાગળ આવ્યો છે ! ચાલ, પેલા છોકરાને જઈને કહું !'

ચાદર ઓઢીને એ ઘરમાંથી બહાર નીકળ્યો પણ છોકરાના ઘરનું બારણું બંધ હતું. તેથી એ ઘેર પાછો આવ્યો જુએ તો પોતાના ઘરમાં એક કુતરુ સૂતું હતું. નીચા નમીને તેણે કુતરાના કાનમાં કહ્યું : 'એ...ઇ ! મારી માનો કાગળ આવ્યો છે ?'

અવાજ સાંભળી કુતરાએ કાન ફફડાવ્યા. મૂરખે કહ્યું : 'જોયું, મારી મા મને કાગળ લખે છે, તારી મા કંઇ લખે છે તને ?'

કુતરું પડી રહ્યું. એ જોઇ મૂરખે કહ્યું : 'એમ વાત છે ત્યારે !'

મૂરખને આજે રાત બહુ જ લાંબી લાગી, એને થયું કે હું સૂરજ હોઉં તો આટલી વારમાં ચાર વખત ઉગીને આથમી ગયો હોઉં !'

છેવટે સવાર થઇ ! મૂરખ દોડતો છોકરાને ઘેર પહોંચી ગયો. છોકરો ઓટલા પર દાતણ કરવા બેઠો હતો. મૂરખે તેને કહ્યું 'એકદમ મારે ઘેર ચાલ ! બહુ સરસ વાત કહેવાની છે તને ?'

છોકરો ઝટપટ હાથ મોં ધોઈ મૂરખની પાછળ એને ઘેર ગયો. મૂરખે એને સાદડી પર બેસાડીને કહ્યું : 'એ....ઈ ! કાંઈ જાણ્યું ?'

છોકરાએ નવાઈ પામી પુછ્યું : 'શું ?'

'મારી માનો કાગળ આવ્યો છે !'

છોકરાએ કાંઈ નવાઈના સમાચાર સાંભળવાની આશા રાખી હતી, તેથી નિરાશ થઈ તેણે કહ્યું : 'એ તો આવ્યો જ છે તો !'

મૂરખે કહયુ : 'આવ્યો જ છે તો નહિ, આવ્યો છે ! જો, આ રહ્યો !'

આમ કહી એણે બંડીના ગજવામાંથી કાગળ કાઢી છોકરાના હાથમાં મૂકયો.

છોકરાએ સહજ ભાવે પૂછયું : 'શું લખે છે ?'

આવો સવાલ કોઈ પૂછશે એવો મૂરખને ખ્યાલ પણ નહિ–તેણે પોતે પણ પોતાને પુછયો નહોતો ! માત્ર માનો કાગળ મળતાં તે ખુશ થઈ ગયો હતો, અને એ કાગળ વાંચ્યા વગર જ તે મનમાં ખુશ થયો હતો. હવે, આ છોકરાનો સવાલ સાંભળીને તેને થયું કે મા શું લખે છે તે જાણવું જોઈએ.

તેણે છોકરાને કહ્યું : 'શું લખે છે, વાંચ જોઉં!'

છોકરાએ કાગળ લઈ વાંચવા માંડયો--

સ્વસ્તિ શ્રી ગામ--મધ્યે દીકરા મૂરખલાલને માલમ થાય કે તારો કાગળ અમને મળ્યો છે. બીજું દીકરા, સાત વરસ લગણ દેશવટો ભોગવ્યો, હવે ઘેર આવો તો સારૂં. હવે હું ઘરડી થઈ, તમારા વગર મારી સેવા ચાકરી કરનારૂં કોઇ નથી. મગલાશા શેઠ પણ તમને ઘેર આવવાનું કહે છે, માટે આ કાગળ મળતાં ત્યાંનું દેવું લેણું પતાવીને વહેલા ઘેર આવજો!

કાગળ સાંભળી મૂરખ એક હાથ કુદ્યો ને છોકરાના બરડામાં ધબધબ ધબ્બા મારી, ને બૂમ પાડી ઊઠયોઃ "મારી મા મને ઘેર બોલાવે છે! મગલાશા શેઠ મને બોલાવે છે! મારો વહાલો હીરો મને બોલાવે છે! બસ જો, આજ ને આજ જતો રહું!"

મૂરખલાલ ઘેર જવાનું નક્કી કરે છે.

દોડતો દોડતો એ પોતાના શેઠને ઘેર પહોંચ્યો, ને રાડ પાડી બોલી ઉઠયો : " શેઠજી ! શેઠજી ! મારી માનો કાગળ આવ્યો છે ! "

શેઠને થયું કે કંઇ માઠા સમાચાર હશે તેથી મૂરખ આમ ઉશ્કેરાઇ ગયો છે. તેમણે કહયું : ' હશે, દુકાન પર વાત કરજે ! '

મૂરખે શેઠના પગ પકડી કહયું : ' ના, શેઠ ! હું તો અહીંજ કહેવાનો ! મારી માનો કાગળ આવ્યો છે ! '

શેઠે કહયું : ' ભલે આવ્યો, દુકાન પર વાત કરજે ! '

મરખે કહયું : ' ના, શેઠ ! હું તો અહીંજ કહે-વાનો ! મારી માનો કાગળ આવ્યો છે, તમારી માનો નથી આવ્યો ! '

શેઠે હસીને કહયું : ' મારી માનો કયાંથી આવે ? મારી માને મરી ગયે ચાર વરસ થયાં ! '

મૂરખે કહ્યું : ' તો મારી માનો કયાંથી આવે છે ? મારી માને મરી ગયે સાત વરસ થયાં ! '

શેઠે નવાઇ પામી કહ્યું : 'તો આ કાગળ તારી માનો ન હોય!'

મૂરખે કહ્યું : 'ન હોય શું? લો વાંચો! મારી માનો કાગળ છે! મને ઘેર બોલાવે છે! મગલાશા શેઠ પણ બોલાવે છે! મારો દોસ્ત હીરો પણ બોલાવે છે. બસ! આજ ને આજ હું જવાનો!'

શેઠે કાગળ લઇ વાંચીને કહ્યું : 'ઓહ! સમજ્યો હવે! તારી માનો કાગળ છે એ વાત પણ સાચી! તો આજ અને આજ તારે ઘેર જવું છે?'

મૂરખે કહ્યું : 'હા શેઠ, આજ ને આજ જવું છે!'

શેઠે કહ્યું : 'કોઇનું કંઇ દેવું મુકતો જાય છે?'

મૂરખે વિચાર કરી કહ્યું : 'કંઇ યાદ નથી આવતું—હા, મહાત્માની કથા કદી થાય ત્યારે આરતીમાં ચાર પૈસા મૂકવાનો મેં સંકલ્પ કર્યો છે. પણ કથા પૂરી થાય ક્યારે, આરતી થાય ક્યારે, ને હું પૈસા મુકું ક્યારે?'

શેઠે હસીને કહ્યું : 'બીજું કંઇ?'

મૂરખે કહ્યું: 'બીજું તો કંઇ યાદ આવતું નથી!'

શેઠે કહ્યું : 'ઠીક, આરતીમાં હું તારા વતી રૂપિયો મૂકીશ, અને બીજું પણ કંઈ હશે તો ભરી દઈશ. હવે તું કોઈની પાસે કંઈ માગતો હોય તો કહે !"

મૂરખે વિચાર કરી કહ્યું : 'હું કોઈની પાસે કંઈ માગતો નથી !'

શેઠે હસીને કહ્યું : 'મારી પાસે ?'

મૂરખે પોતાનાં કપડાં સામું જોઈ કહ્યું : 'તમારી પાસે નવાં કપડાં માગવાનો વિચાર હતો, પણ હવે આ ચાલી જશે ! આવાંજ લુંગડાં પહેરીને હું ઘેરથી નીકળ્યો હતો ! '

શેઠે કહ્યું : 'તારો પગાર ?'

મૂરખે કહ્યું : પગારની આપણે ક્યારે વાત થઈ છે ?'

શેઠે કહ્યું : 'અરે મુરખ ! પણ મારે આપ્યા વગર ચાલે ? તેં સાત વરસ મારે ત્યાં કામ કર્યું, ને હું તને ખાલી હાથે ઘેર મોકલું ?'

આમ કહી તેમણે મુનીમને બોલાવી હુકમ કર્યો: મરખને બસો રૂપિયા રોકડા આપો, ને નવાં કપડા

આપો ! આજે એ ઘેર જાય છે. એની માનો કાગળ આવ્યો છે !'

મૂરખે ખુશખુશ થઇ કહ્યું : 'હા મુનીમજી, મારી માનો કાગળ આવ્યો છે ! આ રહ્યો !'

પણ મુનીમને મૂરખની માનો કાગળ વાંચવા રસ ન હતો, એ ચાલી ગયો !

મૂરખલાલ કમાઇને ઘેર આવે છે.

રોકડા બસો રૂપિયાની પોટલી માથે મેલી કોરાં કડકડતાં નવાં લુગડાં પહેરીને મૂરખલાલ પોતાને ગામ જવા નીકળ્યો.

ઉનાળાનો વખત હતો બપોર થઇ ગયા હતા. સખત તાપ પડતો હતો. ધરતી ધગધગતી હતી. મૂરખના શરીર પર પરસેવાના રેલા નીતરતા હતા, એને માથા પર રૂપિયાનો ભાર હતો-પૂરા બસો રૂપિયા રોકડા હતા, પાંચ શેરનું વજન હતું !

ગાઉ બે ગાઉ ગયા પછી મૂરખને થયું : 'આ ભારથી તો હું કંટાળી ગયો !'

એટલામાં એક ઘોડેસ્વાર એને સામો મળ્યો.

ઘોડેસ્વારને ખુશખુશાલ ઘોડા પર બેઠેલો જોઇ મૂરખે પુછયું 'અરે ભાઇ, તમને તાપ નથી લાગતો ? હું તો આ તાપથી અને ભારથી કંટાળી ગયો છું !'

મૂરખલાલ રૂપિયા આપી ઘોડો લે છે

ઘોડેસ્વારે : કહ્યું 'ઘોડા પર બેઠા પછી તાપ કેવો ને કંટાળો કેવો ? હમણાં હું ઘડીકમાં ઘેર પહોંચી જઈશ. ભલા, એવો કેવો ભાર છે તારા માથે ?'

મૂરખે કહ્યું 'રૂપિયા છે—બસો રૂપિયા રોકડા છે. સાત વરસનો મારો પગાર છે ! એનો ભાર ઊંચકી ઊંચકીને હું તો અધમુઓ થઇ ગયો !'

ઘોડેસ્વારે કહ્યું : 'તો શું થાય, કહો !'

મૂરખે વિચાર કરીને કહ્યું 'એક રસ્તો છે. તમે મારો આ ભાર લઇ લો, ને તમારો ઘોડો મને આપો !'

ઘોડેસવાર મનમાં ઘોડાની અને ઘોડા પરના સામાનની કિંમત કરી જોઈ—પૂરા સો રૂપિયા પણ ના થયા ! પછી એણે કહ્યું : 'ઠીક ભાઈ, તું એમ ખુશ થતો હોય તો એમ બીજાની સગવડ સાચવવી એ માણસનો ધર્મ છે !'

એમ કહી એ ઘોડા પરથી નીચે ઉતરી પડયો. મૂરખે બસો રૂપિયાની પોટલી એને માથે મુકી પછી પોતે ઘોડા પર બેઠો, લગામ હાથમાં લીધી ને ખડુક ખડુક કરતો ઘોડો હાંકવા માંડયો.



થોડેક ગયા પછી મૂરખને થયું કે ઘોડો બહુ ધીમે ધીમે ચાલે છે. ઘોડો ઘોડાની રીતે ન ચાલે તો એ ઘોડો શાનો ?

આથી એણે જોરથી લગામ ખેંચી, બે પગથી બે એડી મારી, ને સડસડ કરતી બે સોટીઓ ઘોડાની પીઠ પર ખેંચી કાઢી ! ઘોડો પૂરપાટ દોડયો ! એવો દોડયો કે મૂરખ એની પીઠ ઉપર હાથ હાથ ઊંચો કુદવા લાગ્યો. એવામાં સામું એક ઝાડનું ઠુંઠું આવ્યું. ઘોડો ચમકયો. ચમકીને બે પગે થઇ ગયો. મૂરખલાલ ઘોડાની પીઠ પરથી ગલોટિયું ખાઇ નીચે ગબડી પડયા !

મૂરખલાલ ઘોડો આપી ઊંટ લે છે.

એટલામાં ત્યાં થઈને એક ઊંટવાળો જતો હતો. મૂરખને ઘોડા પરથી ગબડી પડતો જોઈ એ એની વહારે ધાયો. ઊંટ પરથી ઉતરી પડી, એણે ઘોડાની લગામ પકડી લીધી. પછી એને થાબડીને શાંત કર્યો.

એટલામાં મૂરખને કળ વળી. એ ઊભો થયો.

ઊંટવાળે કહ્યું : 'જરા ચોંટીને બેસવું હતું ને!'

મૂરખે કહ્યું : 'શું ચોંટીને બેસે! મારું કપાળ! ઘોડો બીલકુલ જંગલી છે! આવા ઘોડા કરતાં તો ઊંટ સારું!'

ઊંટવાળાએ કહ્યું: 'તો ઊંટ રાખો! પણ સ્વારી કરો તો વટથી કરો! આ રીતે ગલોટિયું ખાઈને પડવાનું મને ન ગમે—તમને કોણ જાણે કેમ ગમે છે?'

મૂરખે કહ્યું : 'મને પણ નથી ગમતું—પણ આવો જંગલી ઘોડો મને ઊંટ લઈને કોણ આપે? તમેજ કહોને, તમે આપો?'

ઊંટવાળાએ કહ્યું : 'વાત તમારી સાચી છે, પણ દુઃખમાં પડેલા માણસને મદદ કરવી એ માણસનો

પહેલો ધર્મ છે! હું ખુશીથી મારું ઊંટ તમને આપું છું.

મૂરખ ખુશખુશ થઈ ગયો.

પણ ઊંટવાળાએ તેને ઊંટ પર બેસાડ્યો, ને ઊંટની દોરી તેના હાથમાં આપી કહ્યું: 'વટથી જાઓ દોસ્ત!

ઊંટ ચાલ્યું કે તરતજ ઊંટવાળો ઘોડા પર બેસીને પોતાને રસ્તે પડ્યો!

મૂરખ ઊંટ પર બેઠો બેઠો વિચાર કરવા લાગ્યો: 'ઓહ! શી મજા છે! હવા પણ કેવી સરસ આવે છે! ઊંટનો તો આ ઠેકો કેવો ફક્કડ છે! લખવાનો ઇસકોતરો એની આગળ રદ છે!'

આમ થોડું ચાલ્યો હશે એટલામાં એક લીમડો જોઈ ઊંટની દાઢ સળકી, વાંકું વળી એ લીમડાનાં પાનાં ખાવા મંડી ગયું, ને મુસાફરીની વાત ભુલી ગયું!

મૂરખે બહુ બહુ દોરી ખેંચી, બહુ બહુ ડચકારા કર્યા, બહુ બહુ પગની એડીઓ મારી, પણ ઊંટ તો ખસે જ નહિ!

મૂરખ થાકી ગયો.

એટલામાં ત્યાં થઈને એક કુંભાર ગધેડા પર બેસીને, ડચ ડચ કરતો જતો હતો. મૂરખે ગધેડાને ખુશખુશાલ ચાલ્યો જતો જોઈ, નિસાસો નાખી કહ્યું : 'અરે ! આવા જંગલી ઊંટ કરતાં ગધેડું સારું !'

મૂરખલાલ ઊંટ આપી ગધેડું લે છે.

કુંભારને આ શબ્દો સાંભળી નવાઈ લાગી. તેણે ગધેડુ ઊભું રાખી કહ્યું : 'કેમ, ભાઈ ! ઊંટથી આટલા બધા કેમ કંટાળી ગયા ? ઊંટ તો ડાહ્યું લાગે છે !'

મૂરખે કહ્યું : 'ડાહ્યું ! આને તમે ડાહ્યું કહો છો ? અડધા કલાકથી અહિં લીમડો ખાવા ચોટયું છે તે હું ડચકારા કરી થાકયો, પણ એક આંગળ ખસતું નથી ! અને દોરી ખેંચવા જાઉં છું તો હુઉઉઉ કરીને મને બચકાં ભરવા આવે છે ! આના કરતાં ગધેડું સારું !'

કુંભારે કહ્યું : 'સારું લાગતું હોય તો ગધેડું રાખો ! પણ આમ જીવ બાળો નહિ !'

મૂરખે કહ્યું : 'પણ ગધેડું એમ કંઇ રસ્તામાં પડયું છે ? આવું જંગલી ઊંટ લઇને કોઇ ગધેડું આપેય ખરો ? તમેજ કહોને, તમે આપો ?'

કુંભારે વિચાર કરીને કહ્યું : 'તમારી વાત સાવ સાચી છે, હું પોતે પણ ન આપું. પરંતુ ભીડમાં પડેલાના ભેરુ થવું એ માણસનો પહેલો ધરમ છે. હું ખુશીથી મારું ગધેડું તમને આપું છું.'

આ સાંભળી મૂરખ ખુશખુશ થઇ ગયો. એકદમ ઊંટ પરથી ભૂસકો મારી એ નીચે પડયો. તરત ગધેડા પર સવાર થઇ ગયો !

એનો આ ઉત્સાહ અને કુશળતા જોઇ કુંભાર રાજી થયો. ને બોલી ઉઠયો : 'વાહ ! તમને તો મારા કરતાંય સરસ બેસતાં આવડે છે.'

ગધેડું હાંકતાં હાંકતાં કહ્યું : 'આવડે જ છે તો ?' કુંભાર પણ ગધેડું લઇ રસ્તે પડયો.

મૂરખલાલ નવાં કપડાં આપી જુનાં લે છે.

થોડે ગયા પછી નદી આવી. મૂરખે ગધેડા પર બેઠા બેઠાંજ નદી ઉતરવા માંડી.

અડધી નદી ઉતર્યા હશે એટલામાં ગધેડાનો પગ ખસ્યો, ને મૂરખલાલ ઉછળીને નદીમાં જઈને પડયા ! માથેથી પગ સુધી ભીંજાઇ ગયો. એનાં નવાં નકોર કપડાં બધાં ખરાબ થઇ ગયાં !

આ જોઇ ગધેડા પર એને એવી દાઝ ચડી કે એ બોલી ઊઠયો : 'આવા જંગલી ગધેડા પર બેસવું એના કરતાં ના બેસવું સારૂં ! લાકડીએ લાકડીએ એ ગધેડાને ફરી વળ્યો. નદીમાંથી બહાર કાઢી એણે ગધેડાને જંગલમાં તગડી મૂકયો.

પછી પોતે ભીને કપડે આગળ વધ્યો.

આગળ જતાં એને કેટલાક ગરીબ રખડુ લોકો મળ્યા. એ લોકોએ મરખને ભીને કપડે જોઇ કહ્યું: 'કેમ ભાઇ આમ ભીને કપડે ?'

મૂરખે તરતજ જવાબ દીધો : 'કપડાં ભીનાં એટલે હું ભીને જ કપડે હોઉં ને ?'

લોકોએ કહ્યું : 'કોરાં કપડાં યે તમને ન મળ્યાં ?'

મૂરખે કહ્યું : 'ન મળ્યાં ત્યારેને ! ભીનાં કપડાં લઇને કોરાં કોણ આપે ? તમેજ કહો, તમે આપો ?'

લોકોએ કહ્યું : 'તમારી વાત તો સાચી છે, પણ આપણુને નહિ, તો આપણા પડોશીને હજો એમ સમજવું એ માણસનો પહેલો ધર્મ છે ! માટે અમે તમને ખુશીથી અમારાં કોરાં લુગડાં આપીશું.'

આમ કહી એ લોકોએ પોતાનાં ફાટેલાં, ગંદાં, ચીંથરિયાં લૂગડાં મૂરખને પહેરવા આપ્યાં. મૂરખે પોતાનાં ભીનાં પણ નવાં નકોર કપડાં કાઢી આપ્યાં ને એમનાં ફાટેલાં ગંદાં લુગડાં પહેરી, ખુશ થઇ આગળ ચાલવા માંડયું.

આવા ચીથરેહાલ વેશે મુસાફરી કરતો કરતો મૂરખલાલ છેવટે પોતાના ગામમાં આવી પહોંચ્યો. ગામમાં પેસતાં એનો વેશ જોઇ કુતરાં ભસવા લાગ્યાં. હાથમાંથી લાકડી ઉગામી કુતરાં હાંકતો હાંકતો મૂરખ છેવટે પોતાના ઘેર આવી ઊભો.

આંગણામાં દીકરાને જોતાં બુઢ્ઢી મા દોડતી એની સામે ગઇ, ને એને વહાલથી છાતીએ ભીડી બોલી : આવ્યો બેટા ?



મૂરખે કહ્યું : 'હા, મા !

માએ કહ્યું : 'ઘણું જીવો, મારા લાલ ! શું કમાઇ આવ્યો બેટા !'

મૂરખે કહ્યું : 'બસો રૂપિયા ! રોકડા બસો રૂપિયા !'

માએ ખુશ થઈ કહ્યું : 'હેં ! શું કહે છે ! એટલા બધા રૂપિયા ? દેખાડ, કયાં છે ?'

મૂરખે હસીને કહ્યું : 'રૂપિયાનો મને બહુ ભાર લાગ્યો, મા ! એટલે એ રૂપિયા આપી મેં એક ઘોડો લીધો ! બહુ ફક્કડ ઘોડો હતો !'

માએ કહ્યું : 'ઘોડો લીધો ? વાહ કયાં છે એ ઘોડો ?'

મૂરખે કહ્યું : 'ઘોડો બહુ જંગલી નીકળ્યો, મા ! એટલે એ આપીને ઊંટ લીધું ! બહુ ઉમદા હતું !'

માએ કહ્યું : 'ઊંટ લીધું ? વાહ ! કયાં છે એ ઊંટ ?'

મૂરખે હસીને કહ્યું: 'ઊંટ બહુ અનાડી નીકળ્યું !

મા ! એટલે એ આપીને ગધેડું લીધું ! બહુ ચલવેલું ગધેડું હતું !'

માએ કહ્યુ : 'કયાં છે એ ગધેડુ ?'

મૂરખે હસીને કહ્યું : 'પણ ગધેડું બહુ ખરાબ નીકળ્યું મા ! એણે મને નદીમાં પાડી નાખ્યો. એટલે મેં મારીને જંગલમાં તગડી મૂક્યું !

માએ કહ્યું : 'અરરર ! તારાં લુગડાં પલળી ગયાં હશે !'

મૂરખે હસીને કહ્યું : 'પણ હું કાંઇ કાચો છું મા !'

રસ્તામાં કેટલાક લોકો મળ્યા, તેમને મારાં ભીનાં લુગડાં આપીને મેં તેમનાં કોરાં કપડાં પહેરી લીધાં. જો આ છે ને સાવ કોરાં !'

માએ કહ્યું : 'હશે, શરીરે તો સાજો સમો છે ને, વાટમાં કંઈ વીત્યું કર્યું તો નથીને ?'

મૂરખે હસીને કહ્યું : 'વીતે શું ? કુતરાં તો ઘણાં વીતાડવા આવ્યાં, પણ મેં સાથે આ લાકડી રાખેલી, એટલે બધાં જાય ભાગ્યાં.'

માએ મૂરખને કપાળમાં બાકી દઈ કહ્યું: ‘ત્યારે મારો દીકરો એટલી લાકડી પણ કમાઇને આવ્યો ખરો! બાકી તો સાત વરસ પહેલાં જેવો ગયેલો એવોજ પાછો આવ્યો છે! એવાં જ કપડાં ને એવો જ વેશ!’

મૂરખે ફુલાઇને કહ્યું: ‘લાકડી પણ કમાઇને લાવ્યો ખરોને?’

‘હાસ્તો? એની કાંઇ મારાથી ના પડાય એમ છે?’

આમ કહીને મૂરખની માએ મૂરખના માથે મોઢે હેતથી હાથ ફેરવી, એને પોતાના ખોળામાં ખેંચી લીધો ને કહ્યું:

‘ઘણું જીવો મારા મૂરખલાલ.

નવું ચિત્રમય બાલ-કુમાર સાહિત્ય

મૂરખલાલનાં પરાક્રમો સેટનાં	૨-૧૨
ચરીત્ર રત્નો સેટ ૧ લો	૨-૧૨
ચરીત્ર રત્નો સેટ ૨ જો	૨-૧૨
બુદ્ધિનો બાદશાહ સેટના	૨-૧૨
ટાગોરની બાલવાતો	૨- ૦
ચતુર સુજાણ	૧- ૮
બીરબલની ચિત્રમય બાલવાતો	૩-૦
ફતુભા ફાંકડાના પરાક્રમો	૧-૪
કવિ કાલીદાસની બાલવાતો	૨-૮
અમારાં ગીત	૦-૬
રાસ કોકિલા	૦-૭
પાયલ બાજે	૦-૭
મામાનું ઘર કેટલે ?	૨-૦
જાદુઇ ચક્કી	૩-૦
કુમાર કથાઓ	૩-૦
ચાણક્ય	૨-૦
બરફનું રણ	૨-૦
વિક્રમની વાતો	૪-૮
બુદ્ધિ વિલાસ	૫-૦
જય ગુજરાત	૧-૪
દાદાજીનું ડહાપણ	૩-૮
અક્કલ અજમાવો	૩-૦
ખેલાડી	૩-૦
બાટલીનો બૂચ	૩-૦
કીલુ યાને વીંટીની શોધમાં	૨-૦
બાની વાતો	૨-૦
આદમમીયાં	૧-૪
સમર્થ રામદાસ	૦-૬

: મળવાનું સ્થળ :

એન. એમ. ઠક્કરની કંપની